૧૦૮
C

ણામૂર્તિ બાલ-સાહિત્યમાળા
પાદનઃ ગિજુભાઈ • તારાબેન

ઓતરાતી દીવાલો-૧

1600046

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૬૧ મું

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

ઓતરાતી દીવાલો-૧

[સંક્ષિપ્ત]

મૂળ લેખક

કાકાસાહેબ

શારદામંદિર
અમદાવાદ ૭
૧૩૩
બાલમંદિર

卐

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૬૦ બત્રીસ નયાપૈસા

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની,
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા,
શ્રી પ્રવીણુ પ્રિન્ટરી,
સોનગઢ (સૌરાષ્ટ્ર)

* * *

બાલસાહિત્યમાળાનાં
૮૦ પુસ્તકો

*

દરેકની કિંમત બત્રીસ નયાપૈસા
(આખા સેટના રૂ. ૨૫=૦૦)
ટપાલ ખર્ચ જુદું

કુલ નકલ ૧૩,૦૦૦

પહેલી આવૃત્તિ	બીજી આવૃત્તિ	૭ મું મુદ્રણ
ત્રણ મુદ્રણો	પાંચ મુદ્રણો	૧૧૫૦ નકલો
કુલ ૪૯૫૦	૬૯૦૦ નકલો	૧૫ : ૧૧ : ૬૦

ઓતરાતી દીવાલો

મૂળ લેખક

કાકાસાહેબ કાલેલકર

☆

બે વિભાગમાં

મૂળ ઉપરથી સંક્ષિપ્ત કરેલું

બાલસાહિત્યમાળા પુસ્તક ૬૧-૬૨ માટે

ઓ. ૧

નિવેદન

આ ચોપડી લખનારનું નામ દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર. પણ અમે સૌ તો એમને કાકાસાહેબ કહીએ છીએ. કાકાસાહેબ એક વાર હિમાલય ગયેલા; તેઓ એક વાર જેલમાં ગયેલા. પહેલી યાત્રા પછી તેમણે 'ઉત્તરાખંડની યાત્રા' લખી; બીજી યાત્રા પછી તેમણે 'ઓતરાતી દીવાલો' લખી.

મૂળ ચોપડી જરા મોટી છે અને અઘરી છે; એ ચોપડી મોટાઓએ વાંચવાની. આ ચોપડી ટૂંકી ને સહેલી કરી છે; આ ચોપડી તમારે વાંચવાની.

કાકાસાહેબ તો પેલી બાળવાર્તાના આનંદી કાગડા જેવા નીકળ્યા. જેલમાં નાખ્યા તો ત્યાં પણ સીધા ન થયા. જેલમાં જ્યાં બીજાઓ તો દુખીદુખી થઈ જાય ત્યાં એમણે ગમ્મત ને જ્ઞાન શોધી કાઢયાં. કારણ તો એમ કે એ તો આનંદી કાકા.

કા કા એટલે જાણો છો ને!

આ ચોપડી નવી જ જાતની છે.

પણ હવે વધારે વાત નહિ. ચોપડી વિષેની ..તો વાંચવા રોકાઓ તે કરતાં ઝટ ચોપડી જ વાંચવા માંડો ને?

ઓતરાતી દીવાલો

: ૧ :

જેલમાં દાખલ થવાનો વિધિ પૂરો થયો અને હું યુરોપિયન વૉર્ડની એક કોટડીનો માલેક બન્યો. આ ઓરડીમાં ઊંચે બે જાળિયાં હતાં પણ તે હવાને માટે હતાં; અજવાળું આપવાનું તેમનું કામ ન હતું. અજવાળું તો કોટડીના લગભગ મારા કાંડા જેવા સળિયાવાળા બારણામાંથી જેટલું આવે તેટલું જ. આંગણામાં લીમડાનાં અઢાર ઝાડ હારબંધ ગોઠવાયેલાં હતાં. પાનખર ઋતુ હતી એટલે ઘરડાં પાંદડાં સવારથી સાંજ સુધી પડ્યા જ કરે. આઠ દિવસની અંદર લગભગ બધાં જ પાંદડાં ખરી પડ્યાં અને અઢારેઅઢાર ઝાડ નાગાં દેખાવા

વિધિ = ક્રિયા   વૉર્ડ = વિભાગ

નિવેદન

આ ચોપડી લખનારનું નામ દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર. પણ અમે સૌ તો એમને કાકાસાહેબ કહીએ છીએ. કાકાસાહેબ એક વાર હિમાલય ગયેલા; તેઓ એક વાર જેલમાં ગયેલા. પહેલી યાત્રા પછી તેમણે 'ઉત્તરાખંડની યાત્રા' લખી; બીજી યાત્રા પછી તેમણે 'ઓતરાતી દીવાલો' લખી.

મૂળ ચોપડી જરા મોટી છે અને અઘરી છે; એ ચોપડી મોટાઓએ વાંચવાની. આ ચોપડી ટૂંકી ને સહેલી કરી છે; આ ચોપડી તમારે વાંચવાની.

કાકાસાહેબ તો પેલી બાળવાર્તાના આનંદી કાગડા જેવા નીકળ્યા. જેલમાં નાખ્યા તો ત્યાં પણ સીધા ન થયા. જેલમાં જ્યાં બીજાઓ તો દુખીદુખી થઈ જાય ત્યાં એમણે ગમ્મત ને જ્ઞાન શોધી કાઢયાં. કારણ તો એમ કે એ તો આનંદી કાકા.

કા કા એટલે જાણો છો ને!

આ ચોપડી નવી જ જાતની છે.

પણ હવે વધારે વાત નહિ. ચોપડી વિષેની વાતો વાંચવા રોકાઓ તે કરતાં ઝટ ચોપડી જ વાંચવા માંડો ને?

ઓતરાતી દીવાલો

: ૧ :

જેલમાં દાખલ થવાનો વિધિ પૂરો થયો અને હું યુરોપિયન વૉર્ડની એક કોટડીનો માલેક બન્યો. આ ઓરડીમાં ઊંચે બે જાળિયાં હતાં પણ તે હવાને માટે હતાં; અજવાળું આપવાનું તેમનું કામ ન હતું. અજવાળું તો કોટડીના લગભગ મારા કાંડા જેવા સળિયાવાળા બારણામાંથી જેટલું આવે તેટલું જ. આંગણામાં લીમડાનાં અઢાર ઝાડ હારબંધ ગોઠવાયેલાં હતાં. પાનખર ઋતુ હતી એટલે ઘરડાં પાંદડાં સવારથી સાંજ સુધી પડ્યા જ કરે. આઠ દિવસની અંદર લગભગ બધાં જ પાંદડાં ખરી પડ્યાં અને અઢારેઅઢાર ઝાડ નાગાં દેખાવા

વિધિ = ક્રિયા　　　　　　વૉર્ડ = વિભાગ

લાગ્યાં. આ સ્થિતિ જોઈને મને બહુ આનંદ ન થયો.

સાંજના છ વાગ્યા એટલે અમે પોતપોતાથી કોટડીમાં પુરાયા. ખટ ખટ ખટ તાળાં દેવાયાં. રાત્રે લગભગ અર્ધે અર્ધે કલાકે ફાનસો આવી ખાતરી કરી લેતાં કે કેદી અલોપ થયો નથી; જાગતો ન હોય તોપણ જગ્યા પર છે. જાગતા હોઈએ તો ફાનસને અમારું અને અમને ફાનસનું દર્શન થતું.

જેલ બહાર ઠીક ઉજાગરા થયેલા તેથી જેલમાં ગયા બાદ ઊંઘવાનું જ કામ પહેલું મેં આદર્યું. ઊંઘ ખાતે રોજના સરેરાશ ચૌદ કલાક મંડાતા. આઠ દિવસમાં ઊંઘની ઉઘરાણી પૂરી કરીને નવા અનુભવ માટે તૈયાર થયો.

સવારે, બપોરે ને સાંજે અમારી દોસ્તી કરવાના ઈરાદાથી કેટલીએક ખિસકોલીઓ આવતી. કાગડાઓ પણ આવતા, પણ તે મારી દોસ્તી બાંધે જ શાના? મારા પાડોશમાં જ કેટલાએક સિંધી મુસલમાન રાજદ્વારી કેદીઓ

અલોપ = ગુમ; અદૃશ્ય

રહેતા; તેમની પાસેથી આ હાડિયા મહાશયોને માંસ તેમ જ હાડકાંના કકડા મળતા, એટલે તેમણે ત્યાં જ દોસ્તી બાંધી હતી.

એક દિવસ બપોરે મારી ઓરડી પાસે થઈને જતી કીડીઓની હાર મેં જોઈ. તેમની પાછળ પાછળ હું ચાલ્યો. કેટલીએક કીડીઓ વૈતરાકામ કરનાર મજૂરો હતી, તો કેટલીએક આગળ પાછળ દોડનાર વ્યવસ્થાપકો હતી અને કેટલીએક શેઠિયાની પેઠે અમસ્થી જ આમ-તેમ ફરનારી હતી. થોડીએક કીડીઓ રસ્તો છોડીને આસપાસના મુલકમાં ફરી આવતી, અને દૂર સુધી જઈ પાછી આવ્યા પછી પોતાની મુસાફરીની હકીકત વ્યવસ્થાપકો આગળ રજૂ કરતી. મેં રોટલીનો ભૂકો કરી તેમના રસ્તાની બાજુ પર બેએક હાથ દૂર મૂકી દીધો. અડધીક ઘડીની અંદર આ શોધક મુસાફરોને તેની ભાળ લાગી. તેમણે તરત જ જઈને વ્યવસ્થા-પકોને રિપોર્ટ કર્યો. હુકમ બદલાયા, રસ્તો બદલાયો. અને સાંજ સુધીમાં ખોરાકની નવી

હાડિયા = હાડકાં ચાટનાર ભાળ = સમાચાર

ખાણુ ખાલી થઈ. કોઈ પણ મજૂર પર બોજો વધારે થયેલો દેખાય કે તરત વગર બોલાવ્યે બીજા મજૂરો આવીને હાથ દે જ છે—અરે ભૂલ્યો, પગ દે છે; પણ બોજો કયે રસ્તે ખેંચવો તે વિષે તેઓ જલદી એકમત થતા નથી. તેથી બે કીડીઓ બોજાની તાણાતાણી કરતી ગોળ-ગોળ ફરે છે. અને આખરે એકમત થયા પછી બગડેલા વખતનું સાટું વાળવા તે ઉતાવળે ઉતાવળે ચાલતી થાય છે.

આ કીડીની હાર ક્યાંથી આવે છે એ જોવાનું મને મન થયું અને ધીમે ધીમે હું ચાલ્યો. પાછળની બાજુમાં ઓટલાની નીચે એક દર હતું તેમાંથી કીડીબાઈઓની આ હાર નીક-ળતી હતી. પાસે જ માટીના જેવો લાલ ઢગલો દેખાયો. નજીક જઈને જોયું તો તે કીડીઓનું સ્મશાન હતું. બારીકીથી નિહાળવામાં થોડોક વખત ગાળ્યા પછી બે કીડીઓ દરમાંથી બહાર આવતી નજરે પડી. મડદાં સ્મશાનમાં ફેંકી દઈ તેઓ સીધી પાછી ગઈ. કંઈ નહિ તો પાંચસો સાતસો મડદાં ત્યાં પડ્યાં હતાં.

: ૨ :

થોડા જ દિવસમાં ફાંસીખોલીમાં મારી બદલી થઈ. ફાંસીખોલી ફાંસી દેવાની જગ્યા પાસે જ આવેલી છે. ત્યાં ફાંસીની સજાવાળા કેદીઓને રાખવામાં આવે છે.

ફાંસીખોલીમાં આવતાંવેંત બે બિલાડીઓની દોસ્તી થઈ. એકનું નામ 'ફોજદાર' હતું; બીજીનું નામ 'હીરા.' સવાર-સાંજના રોટલા આવે કે તરત જ હું અમારે ત્યાં તેના ત્રણચાર કકડા દૂધમાં પલાળી બિલાડીઓ માટે એક ખૂણામાં રાખતો. કોઈક દિવસ ભૂખ કકડીને લાગી હોય ત્યારે બિલાડીઓ વૉર્ડરના પગ સાથે નાક ઘસીઘસીને તેને વીનવે, અને કોઈક દિવસ વળી ખાવાનું પાસે મૂક્યું હોય તોપણ પહોર-વાર સુધી જોયા જ કરે. આ બે બિલાડીઓમાંથી ફોજદારની પૂંછડી બરાબર મધ્યમાં લગભગ તૂટવા આવી હતી–રોગથી કે કંઈ જખમથી તેની ખબર ન હતી. દાબડે બાપા એક દિવસ

ખોલી = ઓરડી; કોટડી વૉર્ડર = વિભાગનો જમાદાર

હૉસ્પિતાલમાં ગયા અને મલમ લઈ આવ્યા. તે દિવસથી રોજ ફોજદારની માવજત થવા લાગી. પણ બાપા એની પંછડી પકડી મલમ લગાવે એ સ્થિતિ બિલાડીને પહેલે દિવસે ગમી નહિ; તે ઘૂરકવા લાગી ને નહોર પણ મારવા લાગી. પણ બીજા જ દિવસથી ફાયદો લાગવાથી તે બધું શાંતપણે કરવા દેવા લાગી.

પછી હોળીના દિવસો આવ્યા. બપોરે પોલીસ કે મુકાદમ ઘોડી પર બેસી ઊંઘતો હોય તેવામાં દાબડે બાપા આંગણાના દરવાજામાંથી છટકી પાછળના ખેતરમાં જાય અને ત્યાંથી સુકાઈ ગયેલાં ડાળીઝાંખરાં ભેગાં કરી લાવે. થોડા જ દિવસમાં બળતણનો એક ઠીકઠીક ઢગલો થયો. હોળીને દિવસે સુપરિન્ટેન્ડેન્ટ આવી ગયા બાદ આંગણામાં રીતસર હોળી પ્રગટાવી શંખનાદ સાથે તેમણે હોળી ફરતી ત્રણ પ્રદક્ષિણા કરી.

ફાંસીખોલીમાં અમને બીજા નવા દોસ્તો મળ્યા, અને તે વાંદરાઓ. વાંદરાઓ જેલની અંદરના બગીચામાં ખૂબ રંજાડ કરે છે. વાંદરા

આવે કે કેદીઓ ખુશીમાં આવી એમના જેવી કિકિયારી કરે અને પોતાના રોટલામાંથી એકાદ ટુકડો તેમને ફેંકતાં અચકાય નહિ. અમારે ત્યાં વાંદરાઓ બહુ પાસે ન આવતા. દીવાલ પર બેસી લાંબી પૂંછડી એક બાજુ લટકતી રાખી ડોક મરડી, ખભા પરથી અમારા તરફ જોતા, અને જાણે પાડ કરતા હોય તેમ સહેજ દાંત પણ બતાવતા. અમે રહેતા હતા તેની બહાર મોટી દીવાલનો ખૂણો પડતો હતો. વાંદરાઓ એ ખૂણા પાસે જઈ કૂદીને એક દીવાલને લાત મારે ને બીજી દીવાલ પર અથડાય; ત્યાં લાત મારી પહેલી દીવાલ પર કૂદે. આમ કરતે કરતે ઠેઠ દીવાલની ટોચ સુધી પહોંચી જતા.

મુસલમાનભાઈઓ જોડે મેં ચાર દિવસના ઉપવાસ કર્યા હતા. તેથી મને નબળાઈ રહી ત્યાં સુધી ખુલ્લી હવામાં સૂવાની રજા મળી હતી. સ્વામીને પણ મારી માવજત માટે બહાર સૂવાનું કહેવામાં આવ્યું હતું. રાત્રે દસ વાગ્યા સુધી અમે આંગણામાં આંટા મારતા અથવા પથારીમાં પડ્યા પડ્યા તારાઓ

જોતા. આંગણામાં પીંપળાનું એક નાનું રૂપાળું ઝાડ હતું; તેનાં પાંદડાંની આરપાર તારાઓ જોવાની ખૂબ મજા આવતી.

ત્રણ દિવસ પછી મને ઉપવાસ કર્યાની સજા સંભળાવવામાં આવી ને છોટાચક્કર નંબર ૪ માં મારી બદલી થઈ.

: ૩ :

છોટાચક્કર નંબર ૪ માં મારી સજા શરૂ થઈ. મારી પાસેથી મારી સઘળી ચોપડીઓ, લખવાના કાગળો, ખડિયો, કલમ, પેન્સિલ બધું છીનવી લેવામાં આવ્યું. ફક્ત એક ધાર્મિક ગ્રંથ મારી પાસે રહેવા દીધો.

છોટાચક્કર નંબર ૪ માં કોટડીઓની ભોંય માટીના લીંપણવાળી કાચી છે. ભોંયમાં તેમ જ ભીંતોમાં માકડની મોટી ફોજ થાણું નાખી ક્યારની પડેલી હતી. તેમણે કટક ચડાવી મારા પર હુમલો કર્યો. તેમના હરીફ વાંદરાઓનું ટોળું પણ નાનુંસૂનું ન હતું. છાપરામાંથી તેઓ પટ દઈને નીચે સરી પડતા અને મારા પર ધસી

આવતા. આ ભાઈઓને મારા માથાના વાળ બહુ સ્વાદિષ્ટ લાગતા હોય એમ જણાયું, કેમકે જરાક ઊંઘ આવવાની થાય કે માથામાં જ તેઓ બચકું ભરતા.

ત્રીજી બાજુથી ગરોળીનાં બચ્ચાંએ પોતાનો ભાગ ભજવ્યો. તેઓ મારી પથારીમાં એકલો મને સૂવા દેતાં નહિ. હું ઢેડને અડવામાં માનતો હતો, છતાં એ ઢેડગરોળીનાં બચ્ચાંને અડવાને હું તૈયાર ન હતો; અને આ બચ્ચાં તો મારી સાથે ભાઈબંધી કરવા આતુર જણાતાં હતાં! આટલી તૈયારી જોઈ મેં નિશ્ચય કર્યો કે લડાઈના મેદાનમાં સૂતા રહેવું આપણને છાજે નહિ. હું ઊઠીને બેઠો થયો ને અંધારામાં આ ત્રેવડી ફોજ સામે અહિંસક યુદ્ધ ચલાવ્યું.

સવારે મેં સુપરિન્ટેન્ડેન્ટ આગળ રીતસર ફરિયાદ કરી. તેમણે કહ્યું: "આ કોટડી પસંદ ન હોય તો પડખેની બીજી લ્યો." હું જાણતો હતો કે પાસેની ઓરડી એ આ ઓરડીની મોટી બહેન. આકારમાં સરખી પણ અગવડમાં મોટી. તેમાં ઉપરની જાળી ન મળે.

એટલે ચંદ્ર અને તારાઓનું દર્શન રાતે ક્યાંથી થાય? મેં કહ્યું: "સામે એક આખી બરાક ખુલ્લી છે, તેમાં મને સૂવા દો." એટલે રોંચા જેવો એક ગોરો ડેપ્યુટી જેલર હતો. તેણે વચમાં જ કહ્યું: "આ નહિ બને. ત્યાં તમે સૂઓ તો અમારા નિયમ કરતાં વધારે હવા મળે. અને વળી રાત્રે એમાં આંટા પણ મારી શકો. સજા ભોગવતા કેદીને આટલી સગવડ ન આપી શકાય."

મેં તરત જ મારું સમયપત્રક ફેરવી નાખ્યું. આખી રાત જાગવું અને બપોરે ઓટલા પર ચાર કલાક ઊંઘી લેવું. એક દિવસ દાક્તર તબિયત પૂછવા આવ્યા. મેં કહ્યું: "રાત્રે ઊંઘ આવતી નથી તેથી બપોરે ઊંઘું છું." તેઓ બિચારા શું કરે? તેમણે ઊંઘની દવા આપી: બ્રોમાઇડ ઑફ પોટેશિયમ અને બીજી કેટલીક દવાઓ. બ્રોમાઇડની અસર હું જાણતો હતો, છતાં લાચાર થઈને વીસેક દિવસ સુધી તે દવા મેં લીધી. પછી એક દિવસ મેં પાવડાકોદાળી

બરાક = કોટડીઓની હાર.　　　　રોંચો = અજડ; જંગલી.

માટે અરજી કરી. મારી ઇચ્છા હતી કે મારી ઓરડીની જમીન ખોદી ટીપીને ફરી તૈયાર કરું, અને દીવાલો પણ ફિનાઈલ વડે ધોઈ કાઢું. પણ પાવડા-કોદાળી એ તો મહાન હથિયારો! ‘બદમાશ’ના હાથમાં તે કેમ અપાય? એટલે અમારા ઉપર દેખરેખ રાખનારા એક બલૂચી મુકાદમ પાસે તે આપવામાં આવ્યાં. અમારો આ મુકાદમ ભરૂચ જિલ્લામાં ધાડ પાડવાના ગુના બદલ આઠનવ વરસ મેળવીને આવ્યો હતો. તેણે બેચાર કેદીઓને બોલાવીને મારી જમીન ટીપી આપી, અને મેં ડામર માગી લઈ તેનાથી જમીન લીંપી કાઢી. ડામર સુકાય ત્યાં સુધી શું કરવું એ સવાલ હતો, એટલે પાછળની એક ઓરડીમાં જવાનું પસંદ કર્યું. જેલમાં અમલદારોએ મારો એ વિચાર તરત જ વધાવી લીધો, કારણ એમ કરવાથી બીજા કેદીઓથી હું સાવ એકલો પડી જતો હતો. અધૂરામાં પૂરું પાછળની નવી કોટડી એવી તો ગમી ગઈ કે મેં ત્યાં જ રહેવાનું નક્કી કર્યું.

આ ઓરડીની સામે અરીઠાનું ઝાડ હતું.

તે પણ દાબડે બાપાએ ઉછેરેલું. ઝાડ લગભગ આઠ ફૂટ ઊંચું પણ સાવ સુકાઈ ગયેલું હતું. માત્ર સુકાઈ ગયેલાં ત્રણચાર પાંદડાં એને રહ્યાં હતાં. મારી લંગોટી સૂકવવા એની પાસે ગયો કે એ પણ ખરી પડ્યાં. મનમાં વિચાર આવ્યો કે આ મરી ગયેલું ઝાડ ઉખેડી નાખું, પણ તેમ કર્યું હોત તો જેલનો ગુનો થાત; તેમાં વળી બાપાનું વાવેલું ઝાડ મારાથી ઉખાડાય જ કેમ? મેં સુકાઈ ગયેલા ઝાડની જ સેવા શરૂ કરી. ખાનગી વ્યવસ્થાથી એક દાતરડું માગી આણ્યું અને ઝાડની આસપાસ ક્યારો બાંધ્યો. રોજ એને બબ્બે ડબા પાણી પાવાનું શરૂ કર્યું. થોડા જ દિવસમાં ડાળીએ ડાળીએ કોંટા ફૂટ્યા. ઝાડ મરી ગયેલું ન હતું. જોતજોતામાં નીલમ જેવાં લીલાં અને મખમલ જેવાં સુંવાળાં પાંદડાંથી અરીઠો શોભવા લાગ્યો.

એથી સહેજ આગળ એક પીંપળાનું ઝાડ હતું. તેની નીચે તેના જ ક્યારામાં એક ઘરડો તુલસીનો છોડ અને એક બારમાસીનો છોડ હતા. લિંગાપ્પા કરીને એક જન્મકેદ-

વાળો એક કર્ણાટકી ડોસો હતો તે રોજ તુલસીને પાણી પાય અને બારમાસીનું ફૂલ તોડી તુલસીને ચડાવે. હું કાનડી ભાષા જાણું છું એવી ખબર પડતાં તેના આનંદનો પાર ન રહ્યો. "તુલસીનું ઝાડ તો દેવ-પરમેશ્વર. સેવા તેની કરવી ઘટે. તે છોડીને તમે કમબખ્ત અરીઠાની સેવા શા સારું કરો ?"

મેં કહ્યું : "તુલસીમાં યે દેવ ને અરીઠામાં યે દેવ. મારે બેઉ સરખાં."

મારી આ નવી ઓરડીને પડખે પાપાએ (પારસી સુપરિન્ટેન્ડેન્ટે) ઉખેડી નાખેલો દાબડે બાપાના બગીચો હતો. બાપાને સજા કરવા ખાતર પાપાએ તેમનો ઉછેરેલો બગીચો ઉખેડી નખાવ્યો હતો. તેમાં બારમાસીના ચારપાંચ છોડ બચી ગયા હતા. તેમને પણ હું પાણી પાતો.

હવે ઉનાળો પૂર જોસમાં શરૂ થયો. આસપાસનાં ઘાસ બધાં સુકાઈ ગયાં. કાગડાઓ, કાબરો, લેલાંઓ અને ખિસકોલીઓ પાણીને માટે ટળવળવા લાગ્યાં. વાંદરા પણ આસપાસથી આવીને અમારા હોજ પર ડોકિયાં કરવા

લાગ્યા. કબૂતરો ધર્મિષ્ઠ બ્રાહ્મણની પેઠે આખો દિવસ પાણીમાં નહાવા લાગ્યાં. મારી પાસે માટીની એક કુંડી હતી તે ભરીને હું લીમડા તળે મૂકતો. આખો દિવસ ખિસકોલીઓ આવે, કાબરો આવે, કાગડાઓ આવે અને લે લે લે લે કરીને આકાશ ગજવી મૂકનારાં લેલાંઓ પણ આવે. આ બધામાં કાગડો બડો પાકો. તે તો મળે ત્યાંથી રોટલાના સૂકા કકડા લઈ આવે, કૂંડીમાં ત્રણ-ચાર પલાળી રાખે, ત્રણ ચાર વાર ચાંચવતી દબાવીને જુએ, અને પલળીને બરાબર પોચા થઈ જાય એટલે આત્મદેવને પોતાને ભોગ ચડાવે. રવિવારને દિવસે આ ગૃહસ્થો અમારી કૂંડી પણ હાડકાંના કકડાથી અભડાવી નાખે. એક દિવસ એક નકટો કાગડો આવ્યો. તેની ચાંચ ઉપરના ભાગમાંથી અડધોઅધ તૂટી ગઈ હતી. તેની દીન મુદ્રા પરથી લાગતું હતું કે પોતાની ખોડનું તેને પૂરેપૂરું ભાન હતું. બિચારો પાણી પીતો ત્યારે

ધર્મિષ્ઠ = કર્મકાંડી; આચાર પાળવાવાળો.
દીન = ગરીબ.   મુદ્રા = મોઢું; દેખાવ.

બહુ દયા આવતી. બીજા કાગડા તેને પોતાના મંડળમાં ભળવા દેતા નહિ.

એક મહિના પછી બીજો એક એકપગો કાગડો આવ્યો. કયા મહાયુદ્ધમાં એણે પોતાનો બીજો પગ ગુમાવ્યો હતો તે કંઈ મને તે કહી શક્યો નહિ. તે પણ બીજા કાગડા સાથે ભળી શકતો નહિ. બિચારો ઊડીને આવે, ને આવીને એક પગ ઉપર ઊભો રહે. પણ એ કંઈ બગલાની નાત નહિ કે એમ ને એમ એક પગ પર ઊભો રહી શકે. બગલા ને કાગડાની વચ્ચે તો ધોળાકાળા જેટલું અંતર! એકાદ મિનિટ ઊભો રહે કે થાકીને પડી જાય; ફરી ઊડે, ઊભો રહે, ફરી પડે. આ તેનો ક્રમ આખો વખત ચાલતો. એ કાગડો લાગલાગટ ચારપાંચ દિવસ સુધી આવ્યો; પછી ક્યાં ગયો એની ખબર ન પડી.

નવો સુપરિન્ટેન્ડેન્ટ આવ્યો તે દાક્તર પણ હતો. તેણે મારી બાટલી જોઈ પૂછ્યું: "શાની દવા લો છો?" મેં હસતે હસતે કહ્યું: "એ તો માંકડ અને વંદાનું ઓસડ છે!"

કેદીની વાત સાચી માને તો પછી સુપરિન્ટેન્ડેન્ટ શાનો? તેણે હસીને કહ્યું: "વંદા જ્યારે ફરી કરડે ત્યારે એકાદ પકડીને મને બતાવશો?" મેં પણ હસતી નજરે લાગલો જ જવાબ વાળ્યો: "સહેજ તસ્દી લ્યો તો આ ઘડી જ બતાવું." આમ કહી જેવી મેં મારી કપડાંની પેટી ઉઘાડી તેવા જ પાંચસાત વંદા સુપરિન્ટેન્ડેન્ટનું સ્વાગત કરવા દોડ્યા! મેં સાહેબબહાદુરને કહ્યું: "આ તો આજનો જ શિકાર છે. ગઈ કાલે જ મેં પેટી દિવસ આખો તડકામાં મૂકી હતી." સાહેબબહાદુરે એકદમ હુકમ છોડ્યો: "અભી કે અભી ઘાસતેલ સ્ટવ કી બત્તી લે આઓ, ઔર જમીન, દીવાલ, સબ જલા દો." ત્રીજે-ચોથે દિવસે બત્તી આવી. દીવાલના ખૂણા, ચૂનાના પોપડા તેમ જ બારણામાં રહેલી ફાટો, બધે બત્તી ફરી વળી અને માંકડોના લાંબા થયેલા અને ગંધાતા દેહ જમીન પર પથરાયા. એ સંહાર સાચે જ મહાન હતો. આઠદસ દિવસ પછી મેજર સાહેબે પૂછ્યું: "હવે કેમ

સ્વાગત=આવકાર આપવો તે.

છે ?" મેં કહ્યું : "એક ફોજ તો ગારદ થઈ પણ વંદાઓ તમારી બત્તીની રેન્જ બહાર છે." તરત જ વૉર કાઉન્સિલ બેઠી. નિર્ણય થયો કે છાપરા પર કબૂતરો બેસે છે તેની હગાર ત્યાં પડે છે તેમાંથી વંદાઓ પેદા થાય છે. તરત જ હુકમ થયો કે કબૂતરો છાપરાની અંદર ઘૂસી ન શકે એવી રીતે બધે સિમેંટ લગાડવો !

આટલે સુધી બધું ઠીક હતું. પણ ત્યાર પછી જે કાંડ શરૂ થયો તેથી અમને ભારે ક્લેશ થયો. એક દિવસ સવારે આ નવા સાહેબ પોતાની બંદૂક લઈને આવ્યા અને તેમણે કબૂતરોનો સંહાર શરૂ કર્યો. તેઓ મારી પાસે આવી મલકાતા મલકાતા કહેવા લાગ્યા : "આ બલાનું કાસળ કાઢી નાખું છું. બહુ ગંદવાડ કરે છે !" હું તેનો આભાર માનીશ એમ તેણે ધારેલું—મેં ઉદાસીન નજરે તેના તરફ જોયું;

ગારદ થઈ = નાશ પામી; સંહાર થયો.
રેન્જ = બંદૂકની ગોળી કે તોપનો ગોળો પહોંચી શકે તેટલી હદ; ટપ્પો.
વૉર = લડાઈ. કાઉન્સિલ = સભા. કાંડ = પ્રકરણ; વિભાગ.

મારા મોંમાંથી એક હાય નીકળી ગઈ. સાહેબ-બહાદુરને ભાન આવ્યું કે આ તો દયાધર્મી હિંદુ છે. કબૂતરોને ઘેર તે દિવસે હાહાકાર હતો અને સુપરિન્ટેન્ડેન્ટને ત્યાં ઉજાણી હતી.

અને કબૂતરો પણ કેવાં બેવકૂફ! બીજે દિવસે તેટલાં ને તેટલાં જ છાપરા ઉપર બેઠાં. અમે તેમને ઉડાડવાની ખૂબ કોશિશ કરતા પણ તે જાય જ શાનાં? એ કબૂતરોમાં એક સફેદ અથવા કાબરચીતરું કબૂતર હતું. તે એક વાર પાળેલું હતું એટલે તેણે નીચે આવી એક પોલીસનો આશ્રય શોધ્યો. પોલીસે તેનાં કેટલાંક પીછાં કાપી નાખ્યાં એટલે તો તે ઊડી પણ ન શકે. અમારામાં અલ્લાદાદ કરીને એક સિંધી હતો, તેણે એ કબૂતરને પોતાના કબ-જામાં લીધું. ખાનગી વ્યવસ્થાથી જુવાર મગાવી તેને તે ચારો નીરતો. નવાં પીછાં ઊગ્યાં એટલે કબૂતર એક દિવસ ઊડી ગયું. એ કબૂતર અમારી સાથે હતું ત્યાં સુધી અમારામાંના ગમે તેના ખભા પર બેસતું અને રાજી થતું.

થોડા દિવસ પછી લીમડાને નવાં પાન

આવ્યાં, પછી ફૂલ આવ્યાં, અને પવન વાય ત્યારે આખો દિવસ લીમડાનાં ફૂલોનો વરસાદ ચાલે. સવારથી સાંજ સુધી ફૂલો પડ્યા જ કરે. આ કડવા ઝાડનાં કડવાં ફૂલોની મહેક મીઠી હોય છે. રોજ સવારે ઝાડુવાળાઓ સુકાઈ ગયેલાં ફૂલ વાળીને કોથળા ભરતા અને રોજ નવાં નવાં ફૂલના ગાલીચા પથરાતા. લીમડા નીચે ફરવાની બહુ જ મજા આવતી. અમે કહેતા: "સરકારને શી ખબર કે અમે આટલો આનંદ લૂંટી રહ્યા છીએ!"

આખરે આ ફૂલની ઋતુ પણ વિદાય લઈને ગઈ અને લીંબોળીઓ પોતાના આગમનની તૈયારી કરવા લાગી. આ વરસે વરસાદ રસ્તો ભૂલીને ક્યાંઈક આડો ચડી ગયો હશે. ઉનાળો અસહ્ય થવા લાગ્યો. રાત્રે ઓરડીમાં પુરાવું એના કરતાં બિસ્કુટ તૈયાર કરવાની ભઠ્ઠીમાં જઈને સવું બહેતર એમ થઈ જતું. 'ભાષણવાળા'ઓએ ખૂબ તકરારો કરી પણ રાત્રે ખુલ્લામાં સૂવાની રજા ન મળી. જોન્સ સાહેબ એવી રજા આપતો, પણ ડોઇલ સાહેબ

કંઈ જોન્સ સાહેબ ન હતા. આખરે જ્યારે ઝમ્મટમલ એકબે વાર રાત્રે બેભાન થયા ત્યારે પૂનેથી પરવાનગી મગાવવામાં આવી. અને અમને ખુલ્લામાં સૂવાની રજા મળી. અમે સાંજે ભેગા બેસી પ્રાર્થના કરતા. ખૂબ પાણી રેડી જમીન ઠંડી કરતા અને પાણીની વરાળ નીકળી ગયા પછી પથારી કરતા. આટલી મહેનતથી તૈયાર કરેલી મીઠી પથારી હું એકલો વાપરું એ કુદરતને કેમ ગમે ? એક દડબા જેવો જાડો દેડકો મધરાતે મારી પથારીમાં પ્રવેશ કરતો અને મારી ડોક તળે આવી પોતાના ભીના શરીરનો શીતળ સ્પર્શ મને કરાવતો.

બેત્રણ દિવસ દેડકો લાગલાગટ આવવા લાગ્યો. મેં પથારીનું સ્થાન બદલ્યું. ભાઈ-સાહેબ ત્યાં પણ આવ્યા, એટલે મેં વિચાર કર્યો કે આને હવે હદપાર કરવો જોઈએ. એક રૂમાલમાં તેને પકડી દીવાલ બહાર વિદાય કર્યો.

એક દિવસ રાત્રે (અમે ઓરડીમાં પુરાતા તે દિવસોમાં) લગભગ દસ–અગિયાર વાગે ખિસકોલીની એક કારમી ચીસ સંભળાઈ.

થોડી જ વારમાં કોઈ ખાતું હોય એવો કુરરર કુરરર અવાજ મારે કાને પડ્યો ને આખરે બિલાડીનો આનંદોદ્‌ગાર સંભળાયો. મેં જાણ્યું કે એક ખિસકોલી બિલાડીના પેટમાં કાયમની જઈને સૂતી. પણ એટલું જાણ્યા પછી મને ઊંઘ આવે જ શાની? બિચારી ખિસકોલીને શું થયું હશે? પણ ભૂખી બિલાડીને કેટલો આનંદ થયો હશે?

સવારે દાક્તર મનસુરીના કે બીજા કોઈના ઘરનાં બૈરાંછોકરાં જેલ જોવા આવ્યાં હતાં. જેલમાં ફૂલ જેવાં નાનાં બાળકોનું દર્શન કેટલું આનંદ આપનારું થાય છે? તે જ દિવસે હેંકનું કૂતરું પણ જેલમાં આવેલું. આખા વરસમાં જેલમાં અમે બે જ કૂતરાં જોયાં.

:૪:

એક દિવસ સવારે પ્હો ફાટતા પહેલાં જ પથારીમાં કંઈ કાળુંકાળું હલે છે એમ મને દેખાયું. આંખોમાં ઊંઘનો અમલ હતો જ તેથી

આનંદોદ્‌ગાર = ખુશાલીનો અવાજ. અમલ = સત્તા; ઘેન.

મેં ધાર્યું કે અમસ્થો વહેમ છે. જરાક અજવાળું થયું અને જોયું તો એક મોટો કાનખજૂરો પથારીની બાજુ પર થઈને દીવાલ તરફ દોડે છે. અડધા કલાક પછી તાળું ખખડ્યું અને બારણું ઊઘડ્યું એટલે મેં સાવરણી આણી કાનખજૂરાને ઓરડી બહાર ફેંકી દીધો.

જેલમાં આંગણું સાફ રાખવામાં આવે છે, દીવાલો વરસોવરસ ધોળવામાં આવે છે, જમીન દર પંદર દિવસે લીંપવામાં આવે છે; પણ ઉપરનાં નળિયાંમાં જમાનાનો કચરો અને કેદીએ છુપાવી રાખેલી વસ્તુઓ પડેલી હોય છે. એટલે ત્યાંથી જ એવા કાનખજૂરા આવી પડે છે. ભાઈ શ્વેબ કુરેશીને એક વાર રોટલામાંથી કાનખજૂરો જડ્યો હતો એમ મેં સાંભળ્યું છે.

હવે કાગડાઓના માળા બાંધવાના દિવસ આવ્યા. કાગડાઓ દૂરદૂરથી ડાંખળીઓ લઈ આવતા અને ઝાડ પર ગોઠવતા. ડાંખળી જરા મોટી હોય અથવા જોઈએ તેવી ન હોય ત્યારે કાગડાઓ લાવીને મારી કૂંડીમાં નાખતા; પંદ-રેક મિનિટમાં બરાબર પલળે એટલે લઈ જતા.

એક દિવસ એક કાગડાને લોઢાના તારનો જાડો કકડો જડ્યો. ઘાસની ગાંસડી બાંધવા માટે આવા તારનો ઉપયોગ થાય છે. આ તાર વતી વીસમી સદીના આ મયાસુરે એક લોઢાનો મહેલ બાંધવાની ખૂબ મથામણ કરી, પણ તાર તો અક્કડ જ રહ્યો. આખરે એને સૂઝયું કે ચાલો આપણે એને પાણીમાં નાખીને પલાળીએ. બરાબર બે વાગ્યાથી ચાર વાગ્યા સુધી એણે એ પ્રયત્ન કર્યો. પહેલાં એક છેડો પાણીમાં બોળ્યો. પછી બીજો. પછી વચલો ભાગ. બે કલાકની મહેનત પછી કાગડાભાઈ એટલું પદાર્થ વિજ્ઞાન શીખ્યા કે લાકડાના ગુણ અને લોઢાના ગુણ સરખા નથી હોતા. પણ આખરે એણે પોતાના માળામાં એ તારનો ઉપયોગ તો કર્યો જ.

એક દિવસ અલ્લાદાદ દોડતો દોડતો આવીને કહે: "કાકાજી, કાકાજી! જરા ઇધર આઈએ તો સહી. હમને એક કૌઆ પકડા હૈ." જઈને જોઉં તો સાચે જ ચતુર કાગડો પણ ઠગાયો હતો. કાગડો ઓરડીમાં પકડાયો હતો.

એને પગે એક લાંબી દોરી બાંધેલી હતી. (કેદી પાસે દોરી ક્યાંથી આવી? જવાબ: ખાનગી વ્યવસ્થા.) કાગડાએ દુનિયાના તમામ કાકાઓને વહારે ધાવા બૂમ પાડી પણ હું એકલો જ ત્યાં હાજર હતો. મેં ઘણી આજીજી કરી અને કાગડાભાઈ છૂટી ગયા. મારી ખાતરી છે કે એ કાગડે ફરી વાર જેલનું મોં પણ નહિ જોયું હોય. પગ બંધાયો એનું કાંઈ નહિ, મરી જાત એનું યે કાંઈ નહિ, પણ કાગડો ઠગાયો. એ શરમ એની આખી નાતને અસહ્ય થઈ હશે.

કાગડાઓની પેઠે ખિસકોલીઓનું પણ સામ્રાજ્ય હતું. આખો દિવસ આંગણામાં ને ઝાડ પર દોડમદોડ કરે; સાંજરે છાપરા પર ફરે; બપોરે જમવા વેળાએ આસપાસ આવી 'મને નહિ?' એમ પૂછે. પાછલા પગ પર બેસી બે હાથમાં આપણે ફેંકેલો કકડો પકડી અણીદાર દાંત વતી કોતરીને ખાય ને કુંડીનું પાણી પીએ. સાંજ પડે ઘણી ખરી ખિસકોલીઓ છાપરાનાં ચારે છેડા પર આવી ખૂબ ચીં ચીંચીં કરી મૂકતી; આનંદથી કે દુ:ખથી એ તો

આપણે કેમ જાણીએ? પણ મારા કાનને તો એ કરુણ રુદન જેવું જ લાગતું. રોજ સાંજે પાંચ વાગ્યે આ કામ નિયમિત ચાલતું. એક દિવસ ખબ વરસાદ પડ્યો; રડવું પાર વગરનું ચાલ્યું. પણ બીજે દિવસથી તે બંધ થયું.

અમે અમારા સૂવાના કામળા રોજ તડકામાં મૂકતા. ત્યાં આ ખિસકોલીઓ આવીને દાંત વતી ઊન ખેંચીખેંચીને બહાર કાઢતી. આગલા પગ અને મોઢાની મદદથી ઊનને ગોળ ગોળ ફેરવી એનો તે ડૂચો બનાવતી અને નળિયાંમાં લઈ જઈ માળો બનાવવામાં વાપરતી. ઘણા કામળામાં આવી રીતે તેમણે કાણાં પાડ્યાં, અને ઠેકઠેકાણે માળાઓ તૈયાર થયા. મારી ઓરડીના બારણા ઉપર જ આવો એક માળો દેખાતો હતો. થોડા જ દિવસ પછી ત્યાં ત્રણ બચ્ચાં દેખાવા લાગ્યાં. તેમની મા અમારી પાસેથી રોટલાના કકડા લઈ જતી અને બચ્ચાંને ખવડાવતી. બેશક, બચ્ચાં ધાવણ પુરું થયા પછી જ અનાજ ખાવા લાગ્યાં. એક દિવસ એક બચ્ચું ઉપરથી નીચે પડી ગયું.

સામેના લીમડા પર બેઠેલા કાગડાના મોંમાં પાણી છૂટ્યું. પણ બચ્ચું મારી ઓરડીમાં જ પેસી ગયું. મેં અંદર જઈને સહેજ મહેનતથી બચ્ચાને પકડી લીધું. પણ તેના ઊંચા માળામાં કેવી રીતે મૂકવું? મેં બૂમ પાડી શામળભાઈને બોલાવ્યા. તેઓ મારા બારણા આગળ બેસી ગયા; હું તેમના ખભા પરે એક હાથમાં બચ્ચું લઈ, બીજે હાથે બારણાના સળિયા પકડી ઊભો થયો. પછી શામળભાઈ ધીમે ધીમે ઊભા થયા. આ રીતે મારો હાથ માળા સુધી પહોંચી ગયો અને બીકથી ધ્રૂજતું બચ્ચું હેમખેમ પોતાને ઘેર પહોંચી ગયું. બચ્ચાની માને શી ખબર હું એનો વાલેશ્રી છું? તેણે તો પોતાની ભાષામાં મને અનેક ગાળો દીધી, શાપ દીધા. અને જ્યારે એનું બચ્ચું માળામાં પહોંચી ગયું ત્યારે પણ મને લાગે છે કે પોતાની ભૂલ જોવાને બદલે માને એમ થયું હશે કે પાડ પરમેશ્વરનો કે મારું વહાલું બચ્ચું આ દુષ્ટ માણસોના હાથ-

વાલેશ્રી = ભલું ઇચ્છનાર

માંથી છટકી શકયું ! પણ પેલાં બવકૂફ બચ્ચાં પર તો બીજી જ જાતની અસર થઈ એમ લાગે છે. કેમકે બેદરકાર થઈ તેઓ બેત્રણ વાર ઉપરથી નીચે પડ્યાં અને દરેક વખતે શામળભાઈને અને મારે સરકસની કસરત કરવી પડી! પણ વારંવાર આમ થવાથી ખિસકોલી માની ખાતરી થઈ કે આ લોકો બિચારા સારા છે.

આ જ અરસામાં લીમડા પર કાગડાનાં બચ્ચાં પણ ઈંડાંમાંથી બહાર નીકળ્યાં અત્યાર સુધી ઘણા કેદી રોજ સવારે કે સાંજે દાતણ લેવા માટે લીમડા પર ચડતા. કેટલાક તો જેલ બહારની દુનિયાનું દર્શન કરવા ખાતર પણ લીમડા પર ચડતા. "એ....તમારો આશ્રમ દેખાય! ત્રણ મજલાનું એક બીજું મકાન પણ દેખાય છે!" એમ મને સંભળાવતા અને મને પણ ઉપર આવવા નોતરતા. ઝાડ ઉપર ચડવું એ તો જેલના નિયમ પ્રમાણે નવ દિવસની સજા થાય એવો ગુનો છે. એક જ વરસ માટે હું જેલમાં આવેલો હોવાથી ગુનો કરી બહારની દુનિયા જોવાનું મને મન ન થયું.

પરંતુ જ્યારે લીમડા પર કાગડાનાં બચ્ચાંઓનો વાસો થયો ત્યારે લીમડા ઉપર ચડવાની કોઈ કેદીની મગદૂર ન રહી. કાગડાઓ ઝપ દેતા આવીને ચાંચ મારતા અથવા માથા પરની ટોપી ઉપાડી જતા; અને કેદી ટોપી ખોઈ બેસે તો સાથે નવ દિવસની માફી પણ ખોઈ બેસે! એક કાગડીએ લીમડા પર ચડનાર શામળભાઈ અને બીજા બે કેદીઓ ઉપર મનમાં ખાસ ખાર રાખ્યો. એમને જુએ કે ચાંચ માર્યા વગર રહે જ નહિ. અમારો ડોસો ઝાડુવાળો પીળી ટોપી પહેરતો; તેના પ્રત્યે કાગડીને ખાસ ખીજ હતી. અને તેથી કોઈ પણ પીળી ટોપીવાળો કેદી લીમડા પાસે થઈને નીકળે કે તેને પણ કાગડીની ચાંચનો પ્રસાદ મળ્યા વગર રહેતો નહિ! ગમે ત્યાંથી આવીને માથા પર, ખભા પર અથવા લમણા પર ચાંચ મારી કાગડી નાસી જતી. દિવસે દિવસે આ ત્રાસ એટલો બધો તો વધ્યો કે અંતે નુરમહમદે માથા પર ચાદર વીંટાળી લીમડા પર ચડી કાગડાનો માળો નીચે ઉતાર્યો. તેમાં પીછાં વગરનાં, ઊંટ જેવાં

દેખાતાં કાગડાનાં ત્રણ બચ્ચાં હતાં. મોં વકાસીને તેઓ પડ્યાં હતાં. મોઢાં અંદરથી રૂપાળાં લાલચોળ દેખાતાં હતાં.

આ ક્રૂરતા ભાઈ અબ્દુલ્લાથી સહન ન થઈ. તેમણે નૂરમહમદને ધિક્કાર્યો. નૂરમહમદ ભોંઠો પડ્યો ને આખરે પઠાણની રજા લઈ અમારા આંગણાં બહારના બીજા લીમડા પર તે માળો મૂકી આવ્યો. ત્યાં તે ટકી ન શક્યો. એટલે ફરી પહેલાંને ઠેકાણે માળો ગોઠવી દીધો.

કાગડીને હવે પોતાનાં બચ્ચાંના ચારાનો સવાલ ઊભો થયો હતો. એટલે તેણે પોતાની કાકદષ્ટિ વધારે તીવ્ર કરી આહાર શોધવાનું શરૂ કર્યું. એટલામાં ખિસકોલીનાં બચ્ચા પણ સહેજ મોટાં થઈ આમતેમ ફરતાં થયાં હતાં. કાગડીએ તેમાંનું એક બચ્ચું મારી પોતાના દીકરાને માંસનો પહેલવહેલો સ્વાદ ચખાડ્યો તે દિવસથી ખિસકોલીઓ ને કાગડા વચ્ચે મહા-વેર જામ્યું. કાગડા છાપરા પર બેઠા હોય કે લીમડા પર, એકાદ મોટી ખિસકોલી પોતાની પૂછડી ફુલાવીને કાગડા પર ધસી જતી. અને

કાગડા ભયભીત થઈને ઝડપભેર ઊડી જાય તેટલામાં તેને પોતાના નખ અને દાંતનો કંઈક પ્રતાપ બતાવતી. કાગડો ખિસકોલીથી બીએ એ તો મેં અહીં જ પહેલવહેલું જોયું.

એક રાત્રે ખૂબ પવન આવ્યો. કાગડાનો માળો ઢળી પડ્યો અને એક બચ્ચું મરી ગયું. નુરમહમદે માળો અને બચી ગયેલું બચ્ચું લીમડા પર ફરી ગોઠવી દીધાં પરંતુ એકબે દિવસમાં તેનો પણ અંત આવ્યો. ઝાડુવાળાએ બચ્ચું દીવાલ બહાર ફેંકી દીધું. ત્યાં કાગડાઓની ન્યાત ભેગી થઈને કાણ કાઢી. કેટલાક ઘરડા કાગડાઓએ રાજિયા ગાયા. મા કાગડી તો અવાચક થઈને બેસી જ રહી હતી. આખરે જ્યારે મોટો વરસાદ આવ્યો ત્યારે ન્યાત લાચાર થઈને ઊડી ગઈ. પરંતુ ત્રણચાર કાગડાના દુઃખનો આવેગ એટલો બધો હતો કે વરસાદમાં ઊડી જવાનું પણ તેમને ન સૂઝ્યું !

[પછીની હકીકત માટે બીજો ભાગ વાંચો]

રાજિયો = મરશિયો; મરેલાને ઉદ્દેશીને ગાવાનું ગીત.
આવેગ = જુસ્સો; ઊભરો.

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

૮૦ પુસ્તકો

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

(વિગતવાર સૂચિપત્ર મગાવો)

*

૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો અને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : એકંદર ૮૦ પુસ્તકો

૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો-૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈ પડી ગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને-
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાળ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ-૨
૫૪ છેટાં રે'જો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પછું ?
૬૧ ઓતરાતી દીવાલો-૧
૬૨ ઓતરાતી દીવાલો-૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

બાળવાર્તાઓ ૧ થી ૫	સેટના ...	૧૦-૨૫
બાળલોકગીત સંગ્રહ ૧-૨	,, ...	૨-૦૦
બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) ...	,, ...	૪૦-૦૦
બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) ...	,, ...	૧૪-૦૦
બાલસાહિત્ય વાટિકા-૧ (૩૨ પુસ્તકો)	,, ...	૪૨-૫૦
બાલસાહિત્ય વાટિકા-૨ (૧૬ પુસ્તકો)	,, ...	૨૩-૫૦

કિશોર કથાઓ ૧-૨	૪-૦૦	ધર્માત્માઓનાં ચરિત્રો	૨-૫૦
રખડુ ટોળી ...	૫-૦૦	ભગવાન બુદ્ધ ...	(છપાશે)

શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ...	સેટના ...	૨૦-૫૦
રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) ...	,, ...	૧૨-૦૦
હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨	,, ...	૫-૫૦

શ્રીમદ્ લોકભાગવત	૭-૫૦	ભાગવતકથાઓ	૩-૫૦

શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ...	૩-૫૦	પાતાળ પ્રવેશ ...	૨-૫૦
સાહસિકોની સૃષ્ટિ	૬-૦૦	ખજાનાની શોધમાં	૩-૦૦

પાંચ વિશિષ્ટ ગ્રંથાવલિઓ

બાલરંજનમાળા...લે૦ શ્રીકાન્ત ત્રિવેદી ...	સેટના	૧૫-૦૦
સુબોધ ગ્રંથાવલિ...લે૦ જીવરામ જોષી ...	,,	૧૦-૦૦
સોટી-પોકી (૩૦ પુસ્તકો)લે૦ ધનંજય શાહ	,,	૪૭-૫૦
જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા	,,	૭-૫૦
નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ...	,,	૮-૦૦

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧

કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ